રજૂ તારીખ : ૧૩/૦૪/૨૦૧૮
દાખલ તારીખ:૧૩/૦૪/૨૦૧૮
ફેસલ તારીખ: ૧૭/૦૪/૨૦૧૮
સમયમર્યાદા : વર્ષ માસ દિવસ
૦ ૦ ૦૪

અમરેલીના મહે. વર્કમેન કોમ્પેનસેન્શન કમિશનર અને લેબરજજ સાહેબની અદાલતમાં
મુ. અમરેલી.

વ.કો. પ. અ. નં. ૬/૨૦૧૮
આંક: ૭

અરજદાર :–ગુજરનાર યુનુસખાન નાસીરખાન મેવાટીના આશ્રીત
(૧) નાસીરખાન કયુમખાન મેવાટી ઉ.વ.૪૮( પિતા)
(૨) અફસરીબેગમ નાસીરખાન મેવાટી ઉ.વ. ૪૪ (માતા)
રહે. કલરાવાલા, તા. બીસૌલી ,જી. બદાયુ( મઘ્યપ્રદેશ)

વિરૂઘ્ધ

સામાવાળા :– યુનાઈટેડ ઈન્સ્યુરન્સ કાું. લી. ,અમરેલી.
અરજદાર તરફે વિ.વ. શ્રી પી.જી. તળાવીયા
સામાવાળા તરફે વિ. વઉશ્રી કોઈ નહી.

**:: હુ ક મ ::**

(૧) આ કામના અરજદારોની અરજીની હકીકત એવી છે કે, અરજદારોના પુત્ર યુનુસખાન નાસીરખાન મેવાટી ક્રેનમાં કારીગર તરીકે ફરજ બજાવતા અકસ્માતમાં અવસાન થયેલુ અને તે અંગે અત્રેની કોર્ટમાં ફેટલ વર્કમેન કેસ નં.૩/૨૦૧૬ થી ચાલેલ કેસમાં થયેલ હુકમ મુજબ સામાવાળી વિમાકંપનીએ કોર્ટના હુકમ મુજબ

વ્યાજ સહિત વળતરની રકમ રૂા. ૧૦,૧૩,૦૦૫/–( અંકે રૂપિયા દસ લાખ તેર હજાર પાંચ પુરા) જમા કરાવેલ જે અન્વયે  હાલના અરજદારોએ જમા રહેલ રકમ મેળવવા હાલની અરજી કરેલ હોય અને અરજદારો તરફે એવી રજૂઆત છે કે, આર્થીક રીતે ખૂબ જ નબળા વર્ગના હોય, મજુરીકામ કરી ગુજરાન ચલાવતા હોય, જેથી પરિવારના વિકાસ માટે નાણાંની જરૂરીયાત હોય, વળતરની રકમ પૈકી ૪૦ ટકા રકમ રોકડમાં તથા ૬૦ ટકા રકમ ફીકસ ડીપોઝીટ તરીકે અરજદારોને ચુકવી આપવા તેમજ પરિવારની પરિસ્થિતિને ધ્યાને લઈ ઓછામાં ઓછા વર્ષ માટે મુકવા વિનંતિ કરેલ છે.

(૨)  અરજદારે તેમની અરજી સાથે માર્ક : ૩/૧ થી ફેટલ વર્કમેન કેસ નં.૩/૨૦૧૬ ની નકલ , માર્ક :૩/૨ થી અરજદાર નં.૧ નાં આધારકાર્ડની નકલ ,માર્ક :૩/૩ થી અરજદાર નં.૨ નાં આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.વધુમાં અરજદાર તરફે આંક–૫ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ તથા આંક–૬ થી ગુજરનારના અરજદારો સિવાય અન્ય કોઈ આશ્રીતો નથી તેવી હકીકત પુરસીસથી જાહેર કરેલ છે, તેમજ સામાવાળા તરફે આંક–૪ થી સદર વળતરની રકમ અરજદારોને ચુકવવા સામે કોઈ વાંધો ,હરકત નથી તેવુ જણાવેલ છે. આમ સામાવાળા તરફે સદર ફેટલ કેસના ચુકાદા સામે કોઈ અપીલ રીવીઝન કરેલ હોય, તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૩)  અરજદારો તરફે અરજી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીની મૌખિક રજુઆત તેમજ સામાવાળા તરફે વિ.વ.શ્રીએ રજુ કરેલ આંક–૪ ની પુરસીસ વંચાણે લેતા તથા અરજદારો તરફે આંક–૬ ની પુરસીસ પ્રમાણે અરજદારો સિવાય ગુજરનારના અન્ય કોઈ આશ્રીત ન હોય, અરજદારોને વળતરની રકમ ચુકવવા પાત્ર છે. પરંતુ સદર રકમ વેડફાઈ ન જાય તેવા હેતુથી અંશતઃ રોકડમાં તથા બાંધી મુદતની થાપણમાં રાખવી જરૂરી છે. જે અન્વયે અરજદારોની રજુઆત કે પરિવારની આર્થીક સ્થિતિ ધ્યાને લઈ, ૪૦ટકા રોકડમાં તથા ૬૦ટકા રકમ ફીકસ્ડ ડીપોઝીટમાં ઓછામાં ઓછા સમયગાળા માટે મુકવાની રજૂઆત કરેલ છે પરંતુ અરજદારોની આવી રજૂઆતના સમર્થનમાં કોઈ સોગંદનામુ રજુ કરેલ નથી કે કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી. વળી અરજદારોને મળવા પાત્ર વળતરની રકમ  માગ્યા મુજબ રોકડમાં તથા ઓછા સમય માટે ફીકસ્ડ ડીપોઝીટથી ચુકવવામાં આવે તો વેડફાઈ જાય અને ભવિષ્યમાં તેઓનુ જીવન નિર્વાહ કરવામાં મુશ્કેલીપડે તે સંજોગોમાં નામદાર ગુજરાતહાઈકોર્ટના તથા સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે અરજદારોને અંશતઃ રોકડ રકમ મળવાપાત્ર હોય અને બાકી રહેતી રકમ ભવિષ્યમાં જીવન નિર્વાહ માટે બાંધી મુદતે થાપણમાં

રાખવી જરૂરી હોય ન્યાયના વિશાળ હિતમાં અત્રેની કોર્ટમાં જમા રહેલ રકમની વહેચણી અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

અત્રેની કોર્ટમાં જમા રહેલ રકમ રૂા. ૧૦,૧૩,૦૦૫/–( અંકે રૂપિયા દસ લાખ તેર હજાર પાંચ પુરા) ની નીચે મુજબ વહેચણી કરવામાં આવે છે.

| ક્રમ | અરજદારનુ નામ | રોકડમાં રૂપિયા | બાંધી મુદતની થાપણમાં રૂપિયા | રોકાણની મુદત |
|---|---|---|---|---|
| ૧ | નાસીરખાન કયુમખાન મેવાટી ( પિતા) | ૧,૫૬,૫૦૩/– | ૩,૫૦,૦૦૦/– | ચાર વર્ષ માટે |
| ૨ | અફસરીબેગમ નાસીરખાન મેવાટી (માતા) | ૧,૫૬,૫૦૨/– | ૩,૫૦,૦૦૦/– | ચાર વર્ષ માટે |
| | કુલઃ– | ૩,૧૩,૦૦૫/– | ૭,૦૦,૦૦૦/– | |

ઉપરોકત અરજદારોને રોકડમાં ચુકવવાની થતી રકમ તેઓની પુરતી ઓળખની ખરાઈ કરી અને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી અને ફીકસ્ડ ડીપોઝીટમાં મુકવાની થતી રકમ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં અરજદારો તથા વર્કમેન કમીશનરના સંયુકત નામથી એ શરતે મુકવી કે સદરહુ રોકાણ ઉપર કોઈપણ પ્રકારનુ એડવાન્સ કે લોન મંજુર કરવુ નહી કે તેની મુદત પુરી થતા પહેલા અત્રેની કોર્ટની પરવાનગી વગર રીલીઝ કરવી નહી પરંતુ જે તે એફ.ડી.માં જમા થતુ વ્યાજ, માસીક કે ત્રીમાસીક, જે તે અરજદારને ચુકવી આપવુ.

સબંધીત બેંક તરફ યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમરેલી

(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
ન્યાયાધીશ
શ્રમ અદાલત, અમરેલી.
જજ કોડ નં GJ00999.

તા.૧૭/૦૪/૨૦૧૮